# વિઝિટરને સ્પોન્સર કરનાર

કોઇ વિઝિટરને કેવી રીતે સ્પોન્સર કરવા અને તમારી અરજીના સમર્થનમાં શું કરી શકાય એ આ પત્રિકામાં સમજાવવામાં આવેલ છે.

## મારે ત્યાં આવવા ઇચ્છનાર વિઝિટર યુ.કે.માં કેવી રીતે પ્રવેશી શકે?

તમારા વિઝિટરે નીચે મુજબ ખાતરી આપવી પડશે:

- ફક્ત છ માસ કે એથી ઓછા સમય માટે જ અહીં આવવા માગે છે;
- વિઝિટ પૂરી થતા યુ.કે. છોડી જશે; અને,
- કામધંધે લાગ્યા વગર અને સરકારી ભંડોળની મદદ લીધા વગર પોતાના રહેઠાણ અને ભરણપોષણ સંભાળી શકે એટલી મૂડી ધરાવે છે.

## સરકારી ભંડોળ એટલે શુ?

નીચે અમુક સરકારી બેનિફિટ બતાવેલ છે; યુ.કે.માં રહેવા કે વસવાટ અર્થે આવો તો તે બેનિફિટ વગર જ તમે ગુજારો કરી શકો અને રહેઠાણ પૂરૂં પાડી શકો એ જરૂરી છે:

- ઇન્કમ સપોર્ટ અને જોબસીકર્સ એલાવન્સ;
- હાઉઝીંગ એન્ડ હોમલેસનેસ એસિસ્ટન્સ;
- હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ;
- વર્કીંગ ફૅમિલીઝ ટૅક્સ ક્રેડિટ;
- સોશિયલ ફંડ થકી મળતી ગ્રાન્ટની રકમ;
- ચાઇલ્ડ બેનિફિટ; યા
- કોઇ પ્રકારનું ડીસેબીલીટી એલાવન્સ.

## વિઝિટરની અરજીના સમર્થનમાં મારે કોઇ કાગળિયાં આપવા પડશે?

એન્ટ્રી ક્લિઅરન્સ ઓફિસને કયા કાગળિયાં જોઇશે એ વ્યક્તિગત કેસ ઉપર આધાર રાખે છે. નીચે બતાવેલ કાગળિયાં એન્ટ્રી ક્લિઅરન્સ ઓફિસ માગી શકે છે:

- ઇમીગ્રેશન કાનૂન હેઠળ યુ.કે.માંનો તમારો દરજ્જો દર્શાવતા કાગળ; અને,

- આવવા ઇચ્છનાર અરજદાર સાથેનો તમારો સંબંધ/સગપણ, એનું આવવાનું કારણ, અને એ ક્યાં રહેશે એ સમજાવતો સ્પોન્સરશિપનો કાગળ.

જો તમે રહેઠાણ અને ભરણપોષણની જવાબદારી લેવાના હો તેમ જ એ વિઝિટરના પ્રવાસનો ખર્ચ પણ તમે ઉપાડવાના હો, તો એ બધો ખર્ચ તમે માથે લઇ શકો એમ છો એના પુરાવા (જેમ કે પગારની કાપલીઓ, બૅન્કના સ્ટેટમેન્ટ યા બીજા બચત એકાઉન્ટની પાસબુક) તમારે એન્ટ્રી ક્લિઅરન્સ ઓફિસરને પહોંચાડવા પડશે.

તમને સરકારી ભંડોળમાંથી કાંઇ મળતું હશે તો તમારા વિઝિટરને તમે રોટલો અને ઓટલો આપી શકો એમ છો કે નહિ એ એન્ટ્રી ક્લિઅરન્સ ઓફિસરને અથવા ઇમીગ્રેશન ઓફિસરને (કે બન્નેને) નક્કી કરવાનું રહે છે. તમારા વિઝિટરને ટેકો દેવા અર્થે તમે સરકારી ભંડોળમાંથી વધારે રકમ ના માગી શકો.

## મારો વિઝિટર એના રોકાણ દરમ્યાન અહીં ધંધો કરી શકે?

એ વિઝિટરના યુ.કે. બહારના કામધંધાને લગતી કાર્યવાહી એ અહીં યુ.કે.માં કરી શકે છે, પરંતુ નીચે બતાવેલ છે એમાંનું કાંઇ ના હોવું જોઇએ:

- પગાર ઉપર કે વગર પગારે કોઇ કામ, યા કોઇ ધંધો કે કોઇ પ્રોફેશનલ પ્રવૃત્તિ; અથવા,
- કોઇ માલ કે ચીજ-વસ્તુની પેદાશ કે કોઇ જાતની સેવા; જાહેર જનતામાં માલ અને સેવાઓ વેચવાનું પણ એમાં આવી જાય.

ધંધાર્થે તમે કોઇને સ્પોન્સર કરતા હો તો એવા કિસ્સામાં એ અહીં શું કરવાના છે અને એનો પ્રવાસખર્ચ તમારી કંપની ઉપાડશે કે કેમ એ બતાવતો પત્ર તમારી કંપની પાસેથી હોમ ઓફિસ માગશે.

વિઝિટર ફક્ત છ માસ માટે રહી શકે છે. ધંધાર્થે અવારનવાર આવવાનું થાય એમ હોય તો બે વર્ષ સુધી ચાલે એવા 'મલ્ટીપલ-એન્ટ્રી' વિઝા કઢાવી શકાય છે.

## શું પ્રાઇવેટ તબીબી સારવાર માટે મારો વિઝિટર યુ.કે. આવી શકે છે?

પ્રાઇવેટ તબીબી સારવાર માટે તમારો વિઝિટર આવી શકે છે, યા અહીં જ હોય તો મુદત લંબાવી શકે છે.

આને માટે:

- દાક્તરી નિદાન તેમ જ ચિકિત્સા અને સારવાર માટે સંતોષકારક ગોઠવણ કરેલી હોવી જોઇએ;
- સારવાર માટે, તેમ જ રોટલો અને ઓટલો પૂરો પાડવા માટે, સરકારી ભંડોળની મદદ વગર અને કામ-ધંધે ચઢ્યા વગર પોતે ખર્ચ ઉપાડી શકે એટલા સંપન્ન એ હોવા જોઇએ; અને,
- સારવાર પૂરી થાય એટલે યુ.કે. છોડી જવાની તૈયારી હોવી જોઇએ.

જો વિઝિટરની પ્રાઈવેટ તબીબી સારવારનો ખર્ચ તમે ઉપાડવાના હો તો એ પ્રમાણે હોમ ઓફિસને જણાવો અને તમારી આર્થિક સધ્ધરતાના પુરાવા પણ મોકલો.

## નૅશનલ હેલ્થ સર્વિસ (એનએચએસ) હેઠળ તબીબી સારવાર

નૅશનલ હેલ્થ સર્વિસ (એનએચએસ) હેઠળ વિના મૂલ્યે તબીબી સારવાર મેળવવા અર્થે કોઇ વિઝિટર યુ.કે. ના આવી શકે યા અહીં એનું રોકાણ લંબાવી ના શકે. જે કાંઇ સારવાર લેવાય તેનો ચાર્જ થશે. તમારી મુલાકાતને અનુરૂપ વીમો (હેલ્થ ઇન્શ્યોરન્સ) ઉતરાવી લેવો.

## યુ.કે. આવનારને વિઝાની જરૂર ખરી?

અમુક મુલકોમાંથી યુ.કે. આવનારને વિઝાની જરૂર પડે છે.

વિઝા વિષે માર્ગદર્શિકાઓ અને માહિતી લૉ સેન્ટરમાંથી મળી શકે છે.

વિઝાની જરૂર ના હોય તો એન્ટ્રી ક્લિઅરન્સ કરાવવાની જરૂર નથી પડતી. આમ છતાં, જો ઇચ્છા હોય તો પ્રવાસ શરૂ કરતા પહેલા એન્ટ્રી સર્ટિફિકેટ માગી લેવું. એની પાસે એન્ટ્રી ક્લિઅરન્સ (વિઝા કે એન્ટ્રી સર્ટિફિકેટ) હશે તો એને યુ.કે.માં પ્રવેશ મળી શકશે, સિવાય કે:

- એના સંજોગોમાં પલટો આવી ગયો હોય;
- એણે ખોટી માહિતી આપેલી હોય; અથવા,
- અમુક અગત્યની બાબતો એણે હોમ ઓફિસથી છાની રાખી હોય.

## મારો વિઝિટર યુ.કે. આવશે ત્યારે શું થશે?

ઈમીગ્રેશન ઓફિસરને ભરોસો બેસવો જોઇએ કે આવનાર એક વિઝિટર તરીકે આવી રહ્યો છે. વિઝા ના લાગુ પડતા હોય એવા દેશનો એ નાગરિક હોય અને એણે એન્ટ્રી ક્લિઅરન્સ ના મેળવ્યું હોય તો એની પાસે આટલું તો હોવું જ જોઇએ:

- રીટર્ન ટિકેટ; અને,
- સ્પોન્સરશિપનો કાગળ.

તમે એને એરપોર્ટ પર લેવા જાવ, તો, તમારા પોતાના ઈમીગ્રેશન દરજ્જાના પુરાવા તેમ જ જો તમે એનો ખર્ચ ઉપાડવાના હો તો તમારી આર્થિક સધ્ધરતાના પુરાવા તમારી સાથે લઈને જાવ તો સુગમતા પડશે.

## યુ.કે.માં પ્રવેશ નકારવામાં આવે તો શું થાય?

વિઝિટરની અરજી નામંજૂર થશે તો એન્ટ્રી ક્લિઅરન્સ ઓફિસર યા ઈમીગ્રેશન ઓફિસર એને જણાવશે. આ નિર્ણય વિગતવાર લેખિત નોટિસના રૂપમાં રજૂ કરાશે. એન્ટ્રી ક્લિઅરન્સ ઓફિસર એના નિર્ણયની જાણ તમને, સ્પોન્સર તરીકે, નહીં કરે.

## ઇનકાર સામે હું કે મારા વિઝિટર અપીલ કરી શકીએ?

બીજી ઑક્ટોબર ૨૦૦૦ પછીથી, પ્રવેશના ઇનકાર સામે અપીલ કરી શકાય છે, પણ ફક્ત આપ્તજનને મળવા કાજે વિઝિટ પર આવી રહ્યા હોય તો જ. બીજી ઑક્ટોબરની પહેલા લેવાઇ ગયેલ નિર્ણય સામે અપીલ નહીં કરી શકાય.

કોણ કોણ પરિવારજન આ પ્રમાણે અપીલ કરી શકે છે એ માટે અમુક ચોક્કસ નિયમો નક્કી કરેલા છે. તમારા વિઝિટર અપીલ કરવાની યોગ્યતા ધરાવે છે કે નહીં એ એન્ટ્રી ક્લિઅરન્સ ઓફિસર યા ઇમીગ્રેશન ઓફિસર એને જણાવશે.

## હું ગૅરન્ટી-બાંહેધરી આપું તો મદદરૂપ થાય?

તમે જેને સ્પોન્સર કરી રહ્યા છો તે વ્યક્તિ એના રોકાણની મુદત પૂરી થતા દેશ છોડી જશે જ એવી બાંહેધરી કે ગૅરન્ટી તમે ના આપી શકો.

*આ પરિપત્રમાં આપેલ માહિતી સાચી તેમ જ આજની તારીખને અનુરૂપ છે તેની બને એટલી ચોકસાઇ રાખવામાં આવી છે. આમ છતાં, કાયદાની દૃષ્ટિએ એને સંપૂર્ણ કે સત્તાવાર ન ગણી શકાય, કાનૂની સલાહ ન કહેવાય, તેની ખાસ નોંધ લેવી. આ માહિતીમાં કોઇ પ્રકારની ભૂલચૂક હોય તેને માટે, કે તેનાથી ઉપજતા માઠા પરિણામ માટે અમોને જવાબદાર ન ઠેરવી શકાય. ઇંગ્લેન્ડ અને વેલ્સમાં વસતા અને એના કાયદાઓની અસર તળે આવતા લોકો માટે જ આ પરિપત્ર તૈયાર કરવામાં આવેલ છે.*